ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૦/૧૮–૧૯/ 380 તારીખ

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી જાદવ નરશીભાઈ ઘેલાભાઈ,
બેલમ ૫૨ રોડ ઉપર,
મુ. છાપરી, તા.મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૮૭૮૦૩૩૭૨૯૬.**

કેસ નં.૧૪૦/૧૮–૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશન ચાલુ કરી આપવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૧૦/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૮–૧૯/૫૪૦૮ તા.૦૧/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૮–૧૯/૫૪૮૫ તા.૦૬/૧૨/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૮–૧૯/૫૭૭૫ તા.૨૪/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૭/૦૧/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar. Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૪૦/૧૮–૧૯</u> ☜

વાદી :- શ્રી જાદવ નરશીભાઈ ઘેલાભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૦૭.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :- શ્રી જાદવ નરશીભાઈ ઘેલાભાઈ – વાદી પોતે

પ્રતિવાદી :- શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જાદવ નરશીભાઈ ઘેલાભાઈ, મુ.છાપરી, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વીજકનેકશન ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૦/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૦/૧૮–૧૯/૫૪૦૮ તા.૦૧.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર મહુવા તાલુકાના બેલમપર રોડ પર છાપરી ગામે રહીએ છીએ.

૧.૨ અમારી ખેતીવાડી છાપરી ગામે આવેલ છે, તેનો સર્વે નંબર ૯૧ પૈકી ૯ છે.

૧.૩ અમારા દવારા તા.૦૯.૧૨.૨૦૧૫ માં સદર સર્વે નંબર પર ખેતીવાડી નવું કનેકશન મેળવવા માટે રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરી, નવું કનેકશન મેળવવા માટેની માંગણી કરેલછે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ અમારૂ વીજકનેકશન મંજુર થતાં વીજકંપનીના કર્મચારી અમારી વાડીએ સર્વે કરવા આવેલ અને ત્યારે હાલમાં વાંધો ઉઠાવનાર ગોહિલ ભરતભાઈ જાલમભાઈ ની હાજરીમાં સર્વેની કામગીરી કરેલ હતી. અને ભરતભાઈ જાલમભાઈને ખેતીવાડીનું વીજ કનેકશન હયાત છે, તેની ૧૧ કે.વી. વીજલાઈનમાંથી સર્વે કરેલ અને તેની વાડીમાંથી માત્ર ટેપીગ જ લેવાનું છે, કોઈ પોલ આવતો નથી અને સર્વેની કામગીરી પણ તેમની હાજરીમાં કરેલ છે.

૧.૫ થોડા સમયબાદ મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરીમાંથી તેનું અંદાજપત્ર પાઠવવામાં આવેલ અને તે જાવક નંબર ૨૯૯૩ થી તા.૦૫.૦૫.૨૦૧૮ ના રોજનું મોકલાવેલ છે.

૧.૬ સદર અંદાજપત્રના નાણા અમારા દવારા તા.૨૪.૦૫.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

૧.૭ થોડા સમય બાદ અંદાજપત્ર ભરપાઈ કરેલ હોવાથી કોન્ટ્રાકટરના માણસો અમારી વાડીએ કામ કરવા માટે આવેલ ત્યારે અમારા શેઢા પાડોશી ભરતભાઈ જાલમભાઈ ગોહિલ દવારા મારા વીજ કનેકશનમાંથી ટેપીગ લેવાનું નથી તેમ કહી વાંધો પડેલ છે, તેમના કહેવા મુજબ કોન્ટ્રાકટરના માણસો સ્થળ પરથી જતા રહેલ.

૧.૮ અમારા સ્થળ ઉપર બાકીના પોલ પર પણ વાયરો ખેંચેલ નથી તો ટેપીગ બાકી રાખી બાકીનું કામ પુર્ણ કરાવવું જોઈએ, જે પુર્ણ થયેલ નથી.

૧.૯ અમારા પોલ જાહેર રસ્તા પર પડેલ હતા તે કોઈ ચોરી ન કરે તે હેતુથી અમારી વાડીએ મુકેલ છે.

૧.૧૦ અમારા દવારા મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરીના નાયબ ઈજનેર પટેલ સાહેબને મળેલ તો તેણે કહેલ કે મહેતા સાહેબ ખેતીવાડી સંભાળે છે, તે તમારે ત્યાં જોવા માટે આવશે.

૧.૧૧ મહેતા સાહેબ હજુ સુધી સ્થળ તપાસ કરવા આવેલ નથી. આપ સાહેબને નમ્ર વિનંતી છે કે પોલીસ પ્રોટેકશન અપાવડાવી અમારૂ ખેતીવાડી કનેકશનની કામગીરી પુર્ણ કરાવી કનેકશન વહેલી તકે મળે તેવો હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર અરજદાર મહુવા તાલુકાના બેલમપર રોડ પર છાપરી ગામે રહે છે.

૨.૨ તેમની ખેતીવાડી છાપરી ગામે આવેલ છે, તેનો સર્વે નંબર ૯૧ પૈકી ૯ છે.

૨.૩ નરશીભાઈ ઘેલાભાઈ જાદવ દવારા તા.૦૯.૧૨.૨૦૧૫ માં સદર સર્વે નંબર ૯૧ પૈકી ૯ પર ખેતીવાડી નવું કનેકશન મેળવવા માટે રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરી, નવું કનેકશન મેળવવા માટેની માંગણી કરેલ છે.

૨.૪ તેમનું વીજકનેકશન મંજુર થતાં કંપનીના કર્મચારી તેમની વાડીએ સર્વે કરવા ગયેલ અને ત્યારે હાલમાં વાંધો ઉઠાવનાર ગોહિલ ભરતભાઈ જાલમભાઈની હાજરીમાં સર્વેની કામગીરી કરેલ હતી. અને ભરતભાઈ જાલમભાઈ ને ખેતીવાડી નું વીજ કનેકશન હયાત છે, તેમની ૧૧ કે.વી. વીજલાઈન માંથી સર્વે કરેલ અને તેની વાડીમાંથી ટેપીગ તેમજ લાઈન અને એક પોલ નાખવા માટેની સર્વેની કામગીરી તેમની હાજરીમાં કરેલ છે.

P.G.V.C.L. ...nagar.

૨.૫ સદર વાંધો ઉઠાવનાર શેઢા પાડોશીનો સર્વે નંબર ૭૬ પૈકી ૧ છે અને જમીન સંયુકત માલિકીની છે તેમાં સોનુબેન જાલમભાઈ ગોહિલ અને અન્ય બે દીકરાઓ ભરતભાઈ જાલમભાઈ ગોહિલ, હરેશભાઈ જાલમભાઈ ગોહિલ અને અન્ય બે બહેનો એમ કુલ પાંચ નામથી સંયુકત જમીન ધરાવે છે.

૨.૬ સદર અરજદારને મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરીમાંથી તેનું અંદાજપત્ર જાવક નંબર ૨૯૯૩ થી તા.૦૫.૦૫.૨૦૧૮ ના રોજ પાઠવવામાં આવેલ છે.

૨.૭ સદર અરજદાર દવારા અંદાજપત્ર ભરપાઈ કરેલ હોવાથી તેમનો ક્રમાનુસાર વારો આવતાં કોન્ટ્રાકટરશ્રી ટી.એન.કુંભાણીના માણસો તા.૨૯.૦૬.૨૦૧૮ ના રોજ તેમની વાડીએ કામ કરવા માટે ગયેલ ત્યારે તેમના શેઢા પાડોશી ભરતભાઈ જાલમભાઈ ગોહિલ દવારા તેમના વીજ કનેકશનમાંથી ટેપીગ લઈ અને લાઈન ખેંચવાની નથી અને તેમના શેઢે આવતો એક પોલ પણ ઉભો કરવાનો નથી તેમ કહી વાંધો પાડેલ છે. તેથી કોન્ટ્રાકટર તેમની લાઈન ઉભી કરવાનું કામ કરી શકેલ નથી.

૨.૮ ત્યારબાદ મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરી દવારા સદર અરજદારનું નવું વીજકનેકશન વાંધામાં હોઈ તેથી લાઈન સ્ટાફને સ્થળ પર અન્ય રૂટ ઉપર લાઈન ઉભી થઈ શકે તેમ છે કે નહી તે તપાસણી માટે મોકલતાં અન્ય કોઈ રૂટ પરથી લાઈન ઉભી થઈ શકે તેમ નથી.

૨.૯ સદર અરજદારનું નવું વીજકનેકશન વાંધામા હોઈ તેના અનુસંધાને નાયબ ઈજનેર, મહુવા ગ્રામ્ય–૨ વીજકચેરી દવારા તા.૧૦.૧૨.૨૦૧૮ ના રોજ સ્થળ તપાસ કરેલ છે તેમજ વાંધો લેનાર વ્યકિતશ્રી હરેશભાઈ જાલમભાઈ ગોહિલને લાઈન ઉભી કરવા માટે સમજાવેલ છે અને તે સંમત પણ થયેલ છે, તે બાબતનું રોજકામ પણ નાયબ ઈજનેર દવારા કરવામાં આવેલ છે, જે આ સાથે સામેલ છે.

૨.૧૦ હરેશભાઈ જાલમભાઈ ગોહિલ સંમત થયેલ હોવાથી તા.૧૫.૧૨.૨૦૧૮ ના રોજ ફરી વખત કોન્ટ્રકટરના માણસો સદર સ્થળ પર કામે મોકલતા હરેશભાઈ જાલમભાઈ ગોહિલ નામની વ્યકિત દવારા ફરી વખત વાંધો લીધેલ છે અને પોલ ઉભો કરવા તેમજ ત્યાંથી ટેપીગ લેવાની ચોખ્ખી ના પાડેલ છે. જે બાબતનું ફરીથી તા.૧૫.૧૨.૨૦૧૮ ના રોજનું રોજકામ આ સાથે સામેલ છે.

૨.૧૧ આમ, પીજીવીસીએલ કંપની દવારા જરૂરી પ્રયત્નો કરેલ હોવા છતાં બાજુનાં શેઢા પાડોશી સોનુબેન જાલમભાલ ગોહિલ અને તેના વારસદારો હરેશભાઈ જાલમભાઈ તથા ભરતભાઈ જાલમભાઈ ગોહિલ તથા તેમના અન્ય બે બહેનો દવારા ઉઠાવેલ વાંધાનું નિરાકરણ થયેલ નથી, જેથી આ કામમાં વિલંબ પડેલ છે.

૨.૧૨ ભારતીય ટેલીગ્રામ ધારો ૧૮૮૫ ના પાર્ટ ૩(૧૦)(૨), ભારતીય વીજધારો ૧૯૧૦ ની કલમ ૧૨–૧ તદઉપરાંત (૩), વીજ સપ્લાય ધારો ૧૯૪૮ ની કલમ ૪૨–૧ અંતર્ગત વીજ વિતરણ અને તે માટેના વીજાણું વગેરે સ્થાપન માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ને ધોરણસર સતા અને અધિકાર મળેલ છે અને તે રૂએ આ અંગેની

P.G.V.C.L.

તમામ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આમ છતાં આ કામમાં કોઈ આસામી તરફથી વ્યકિતગત કે સમુહગત વાંધો લઈ કામને રૂકાવટ કરવામાં આવે તો તે અંગે ની યોગ્ય પતાવટ કે હુકમ કરવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ને ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૧૦ ની કલમ ૧૨ (૨) તથા ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ ૧૮૮૫ ની કલમ ૧૬ (૧) અંતર્ગત સતાઓ પ્રાપ્ત છે.

૨.૧૩ ઉપરાંત પીજીવીસીએલ કંપનીના પરીપત્ર નં.PGVCL/Project/RE/4302 Dt. 11.10.2010 મુજબ resolving such disputes arise because of objection raised by adjacent farmers all such pending cases should be cleared on top priority and field officers under your control be instructed to refer such dispute to DM/ Collector at the earliest દવારા આવા કેસો DM refer કરવા જણાવેલ છે.

૨.૧૪ ઉપરોકત બાબતોને અનુલક્ષીને સદર અરજદારની ફાઈલ તા.૨૦.૧૨.૨૦૧૮ ના રોજ જાવક નં.૧૨૭૯૧ થી DM રીફર કરવા માટે કલેકટર કચેરી, ભાવનગર ખાતે મોકલાવેલ છે, આગળની કાર્યવાહી DM કચેરીના હુકમ મુજબ કરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર જાદવ નરશીભાઈ ઘેલાભાઈએ છાપરી ગામે સર્વે નં.૯૧/૧ માં નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ અને પ્રતિવાદી દવારા પાઠવેલ અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ.

૩.૨ વાદીનાં વીજજોડાણ માટે લાઈનકામ કરવા માટે પ્રતિવાદીનાં કોન્ટ્રાકટરના માણસો સ્થળ પર જતાં, વાદીનાં બાજુની જગ્યાના માલિક ભરતભાઈ જાલમભાઈ ગોહિલ એ લાઈનકામ સામે વાંધો લીધેલ અને કામ કરવા દીધેલ નહી.

૩.૩ પ્રતિવાદી દવારા તા.૨૯.૦૬.૧૮ ના રોજ માણસો મોકલવામાં આવેલ તેમજ તા.૧૫.૧૨.૧૮ ના રોજ વાદીનાં વીજજોડાણ માટે લાઈન ઉભી કરવા માટે કોન્ટ્રાકટરના માણસો મોકલવામાં આવેલ પરંતુ ભરતભાઈ ગોહિલ તેમજ તેમના વારસદારો હરેશભાઈ જાલમભાઈએ વાંધો ઉઠાવેલ અને કામ અટકાવેલ, આથી વાદીનાં વીજજોડાણનાં લાઈનકામની કાર્યવાહી થઈ શકેલ નહી.

૩.૪ તારણ ૩.૩ મુજબ પ્રતિવાદી દવારા માણસો મોકલવા છતાં લાઈનકામ કરવા દેવામાં ન આવતાં, પ્રતિવાદીએ લાઈનકામની જરૂરી કાર્યવાહી કરવા હુકમ કરવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને રજુઆત કરેલ છે અને હાલ તે કેસ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સામે સુનાવણી માટે પડતર હોઈ, ફોરમ દવારા કોઈ નિર્ણય લેવામાં આવતો નથી.

P.G.V.C.L. Bhavnagar.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :—૦૭.૦૧.૨૦૧૯

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.